શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૫૫ ● તા. ૦૬ જુલાઈ થી ૧૨ જુલાઈ ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## ભારતનો સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝીસ એવોર્ડ સ્વીકારતા વડોદરા નિવાસી નિશીથભાઈ દંડ




## SURE SAFETY (INDIA) LTD

**INDIA's MOST PRESTIGIOUS AWARDS 2018-19
FOR SMALL AND MEDIUM ENTERPRISES**

દુનિયાને સુધરવું છે,
દુનિયાને સુધરવા દો,
સાચવી લો પોતાનું,
બાકી સૌને મરવા દો,
પારકી પળો જણને માથા પર ન બેસાડો,
એમને જે કરવું હોય, એમને જ કરવા દો,
જખ્મોની વિગત તમને જોઈએ તો આપીશું,
બે ઘડી ફક્ત અમને શ્વાસ લેવા, ઠરવા દો.

– ખલીલ ધનતેજવી.




નીશિથ આનંદ દંડ

Sure Safety ®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓચ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# છૂટાછેડાની સમસ્યાથી સમાજ ક્યારે છૂટશે?

આજે દરેક જ્ઞાતિ સમાજમાં સગપણની સમસ્યા વિકટ છે. એના વિવિધ કારણો છે. પહેલાં પરિવારના વડીલો પોતાના સંતાન ભણવાથી પરવારે કે તેની સગાઈની વાત ચિરપરિચતોના કાને નાંખે. સામાન્ય રીતે ત્યારે વડીલો કોઈ સંતાનને પૂછતું નહીં.

ભણતર પૂરૂકર્યુ. કમાવવા લાયક લાયક થયો કે તેને સંસારની બેડીથી બંધવાનું નક્કી રહેતું આમાં વડીલોની મહેચ્છા સંતાનો વહેલી તકે ઠરી ઠામ થઈ જાય પોતાની હયાતીમાં એમનો સંસાર-વાડી હરીભરી થઈ રહે એ રહેતી હતી. એ વખતના સંયુક્ત કુટુંબનું ચલણ હતું. પરિવારની નવી આવેલ વહુ નવા પરિવારના રીત રિવાજો, પરંપરા સંસ્કૃતિથી સહેલાઈથી કેળવાઈ જતી.

સમય જતાં ભણતરનું ચલણ વધ્યું. દીકરીઓ વધુને વધુ ભણવા લાગી, ડિગ્રી મેળવી પોતાની પગભર થવા જોબ કરવા લાગી અને આર્થિક રીતે સ્વતંત્રતા અનુભવતી થઈ. પહેલા કુમાર અને કન્યાઓનાં અલગ અગલ શિક્ષણ વર્ગ રહેતા. વેગળી વેગળી શાળાઓ રહેતી. હવે સ્કૂલ, કોલેજો કે ટ્યુશન વર્ગો મિક્સજાતિઓને શિક્ષણ આપતા હોવાથી સહેજે બન્ને પક્ષે વિશેષ મૈત્રી, ગાઢ પરિચય અને સંવેદનો લાગણી થવા લાગે એ કુદરતી પ્રક્રિયાનો હિસ્સો છે. ભણતર શિક્ષણથી વિચારોમાં મોકળાશ થાય. મોર્ડન ટેકનોલોજીના સાધનોના ઉપયોગથી જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ દેશના વાડા ઓળંગી મૈત્રી-કે પરિચયનો દાયરો અનેક ઘણો વિસ્તરવા લાગ્યો છે. આની અસર સમાજ પર પડે એ નક્કી જ છે.

વિચાર, વ્યવહાર, મૈત્રી અને લાગણીના આકર્ષણથી જ્ઞાતિની દીકરીઓ અન્ય જ્ઞાતિમાં તો અન્ય ધર્મ, જ્ઞાતિની દીકરીઓ સમાજનો સમાવેશ થવા લાગ્યો. ઓળખ, પરિચય આંખની લાજ શરમ વચન-વ્યવહારનો બંધન અન્ય ધર્મ, જ્ઞાતિઓ સાથે ન કેળવાઈ શકે. વિચાર, સમજ, ખાનપાનના રિવાજો લાંબાગાળે પણ અનુકુળ ન આવે એટલે મતભેદ થાય જે સમય જતા મનભેદ સુધી પહોંચી જાય જેથી આજના સમયમાં છૂટા છેડાનું વધી રહેલું પ્રમાણ ગંભીર ચર્ચાનો વિષય થઈ ગયો છે. તુટતા સંબંધોને સમાધાનોથી ટકાવવા જરૂરી છે. પણ આ સમજ બંન્ને પક્ષ હોવી જોઈએ.

આજના સમયે સૌની સહન શક્તિ ઓછી થઈ ગઈ છે. જતું કરવાનો ભાવ જરાપણ કોઈનામાં નથી. એટલે પોતાની રીતે પગભર હોય એટલે છોકરા છોકરી વડીલોનું માન્યા વગર કે એકલા જીવી લઈશ એ નિર્ણય સાથે સંબંધ તોડી બહાર પડે છે. આર્થિક સશક્તિ કરણના બળે અને ઈગોના પ્રભાવ તળે બંન્ને પક્ષો બીજા વિકલ્પોને અજમાવાની કોશિષ નથી કરતાં એટલે જ વ્યક્તિ ગત સ્તરે અને સામાજિક સ્તરે આ ગંભીર સમસ્યા છે.

- જ્ઞાતિમૈયા

# વડોદરા નિવાસી ઉદ્યોગપતિ નિશીથભાઈ દંડની કંપની સ્યોર સેફ્ટી (ઈન્ડિયા)ને વધુ એક પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજનના સેક્રટરી જનરલ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી નિશિથભાઈ દંડને વાઈબ્રન્ટ ગુજરાત વખતે એમએસએમઈ ઈનોવેશન એવોર્ડ ૨૦૧૭ મેળવવાને પગલે ગુજરાતની વડોદરા સ્થિત સ્યોર સેફ્ટી (ઈન્ડિયા લિ.)ને ઈન્ડિયા એસએમઇ ૧૦૦ એવોર્ડ્સ ૨૦૧૯નો 'વિનર ઓફ ધ ૨૦૧૯ સીઝન'નું સન્માન મળ્યું છે અને આ રીતે કંપની નજીકના ભવિષ્યમાં એક મોટી વૈશ્વિક કંપની બનવા તરફ આગળ વધી રહી છે.

વડોદરા સ્થિત સ્યોર સેફ્ટી (ઈન્ડિયા) લિમિટેડની વિકાસ તથા નાણાંકીય તાકાત, ઈનોવેશન, આંતરરાષ્ટ્રીય અભિગમ, કોર્પોરેટ ગવર્નન્સ અને પીપલ કેપિટલ, મેનેજમેન્ટની શ્રેષ્ઠ પ્રેક્ટિસ તથા કંપનીની એકંદર શ્રેષ્ઠ પરફોર્મન્સ માટે આ પ્રતિષ્ઠીત વાર્ષિક 'ઈન્ડિયા એમએસએમઈ ૧૦૦' એવોર્ડ આપવામાં આવ્યો છે. એવોર્ડ માટે ૪૦,૦૦૦ કંપનીઓ નોમિનેટ થઇ હતી અને એમાં કંપનીને જાણીતા જજોની પેનલએ કંપનીને એવોર્ડ માટે પસંદ કરવામાં આવી હતી.

ગુરૂવાર, તા.૨૭મી જૂન, ૨૦૧૯ના રોજ નવી દિલ્હીમાં એક્સીસ બેન્કે આ એવોર્ડ આપ્યો હતો અને મુખ્ય અતિથિ અને કેન્દ્રીય પ્રધાન શ્રી નીતિન ગડકરીએ એવોર્ડ એનાયત કર્યો હતો. સમારંભમાં રાજ્ય ખાતાંના પ્રધાન શ્રી પ્રતાપચન્દ્ર સારંગી પણ હાજર હતા. સ્યોર સેફ્ટી ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી નિશિથ દંડે કંપની વતી એવોર્ડ સ્વીકાર્યો હતો. સમારંભમાં બીજા અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.



# ભાંડુપ સંઘમાં પ.પૂ.મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા.ના પાવન પગલાં





અચલગચ્છ જૈન સંઘ ભાંડુપના આંગણે અને ધન્ય થયેલી ધરા ઉપર પ.પૂ.મુનીશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિઠાણાના પાવન પગલાં થયા. આ અવસરે સકળ સંઘના શ્રાવક શ્રાવિકો એ તેમનું ભાવપૂર્વક સામૈયું કરી વધાવ્યા હતાં અને સૌએ દર્શન, વંદના અને પ્રવચન શ્રવણનો લાભ લીધો હતો.







# સિંઘોડી નગરે નૂતન જિનાલયનો શિલાન્યાસ વિધિ સંપન્ન





અબડાસા તાલુકાના સિંઘોડી ગામે પ.પૂ.આ.ભ.શ્રી વિરભદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં નૂતન જિનાલયની શિલાન્યાસ વિધિ વિધિવત રીતે સંપન્ન થઈ.

# શ્રી શત્રુંજય એકેડેમી – પદવીદાન સમારંભ વર્ષ ૨૦૧૯


કાર્યક્રમ સંચાલિત કરતા શિલ્પા અજાણી


પોતાનું મંતવ્ય રજૂ કરતા વિદ્યાર્થીની ડો. યોગિની મેહેરે


સમ્યકજ્ઞાન ઉપાસક'ના સ્વર્ણ ચંદ્રક વિજેતા શ્રીમતી વીણાબેન ગાલાનું સન્માન કરતા શ્રીમતી દીપાબેન તથા શ્રી મનીષભાઇ લોડાયા

શ્રી શત્રુંજય એકેડેમીએ મુંબઇમાં શનિવાર,૨૨ જૂન ૨૦૧૯ ના રોજ તેમના વાર્ષિક ચંદ્રક, શિષ્યવૃત્તિ અને પ્રમાણપત્ર વિતરણ સમારંભનું આયોજન કર્યું.

સમ્યકજ્ઞાન પ્રવેશિકથી સમ્યકજ્ઞાન ઉપાસક (માસ્ટર ઓફ જૈનિઝમ) સુધીના ૫ સ્તરમાંથી કુલ ૫ સાધવીજી તથા ૧૩ યશસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા અને ૧૧ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.


શિષ્યવૃત્તિ પ્રદાન કરતા શ્રીમતી મૃદુલાબેન ડિનેશ દંડ


સમ્યકજ્ઞાન પરિચય'ના દ્વિતીય રજત ચંદ્રક વિજેતા શ્રીમતી વિમલાબેન ગોસરનું સન્માન કરતા શ્રીમતી કાશ્મિરાબેન લોડાયા

શત્રુંજય મુક્તિ સમ્યકજ્ઞાન અભ્યાસક્રમ જૈન ધર્મનો અભ્યાસક્રમ છે, જેની રચના પ. પૂ. સા. ડો. જયદર્શીતાશ્રીજી મ.સા. દ્વારા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨ માં શરૂ કરાયેલ આ અભ્યાસક્રમે ૭ વર્ષ પૂર્ણ કર્યા છે અને ૩૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધેલ છે. ગયા વર્ષે, ભારતભરના ૩૫ કેન્દ્રોમાં, ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. માસ્ટર્સ પૂર્ણ કર્યા પછી જૈન ધર્મમાં ડોક્ટરેટ (વિદ્યા વાચસ્પતિ) મેળવવાની તક આપનારો આ અભ્યાસક્રમ, હાલમાં ગુજરાતી અને હિન્દીમાં યોજાય છે. આવતા વર્ષે અંગ્રેજીમાં આ કોર્સ શરૂ કરવાની યોજના ચાલી રહી છે. આ અંગ્રેજી અભ્યાસક્રમ, જૈન ધર્મની ઉચિત અને ઊંડી સમજણને પ્રેરીને, યુવા પેઢી માટે ઘણો લાભદાયી સાબિત થશે.

શ્રી અનંતનાથજી શ્વેતાંબર જૈન દેરાસર, મસ્જિદ બંદરમાંના ઉપાશ્રય ખાતે યોજાયેલ આ પુરસ્કાર સમારંભની શરૂઆતમાં સહુએ; આગામી ચોમાસું રાયપુરમાં વિતાવનાર, પ.પૂ. સા. ડો.જયદર્શીતાશ્રીજી મ.સા. અને તેમના સુશિષ્યા પ. પૂ. સા. હિમશશુશ્રીજી મ.સા., બન્નેને વંદન કર્યા હતાં. અભ્યાસક્રમના કોર્સ કો-ઓર્ડિનેટર શ્રીમતી શિલ્પા અજાણી દ્વારા પ્રભાવશાળી રીતે આ સમગ્ર કાર્યક્રમ સંચાલિત કરવામાં આવ્યો હતો. એક નાનકડા બાળક, નમન લોડાયાએ મહામંત્ર નવકાર અને સ્વાગત ગીત ગાયું. શત્રુંજય એકેડેમીના શ્રી મનીષભાઈ લોડાયાએ સ્વાગત પ્રવચન કર્યું. દાતા પરિવારો દ્વારા સન્માનીત કરાયા પછી, કેટલાક વિદ્યાર્થીઓએ તેમની કૃતજ્ઞતા વ્યક્ત કરી, તેમના અનુભવોનો ઉલ્લેખ કર્યો અને આ કોર્સમાં જોડાયા પછી તેમની જીંદગીમાં કેવી રીતે પલ્ટો આવ્યો તે જણાવ્યું. વિશેષ તો, એક વરિષ્ઠ વિદ્યાર્થીએ, ઘરેથી અભ્યાસ કરવું તેમના માટે કેટલું અનુકૂળ હતું તેના વિશે ઉત્તમ પ્રતિભાવ આપ્યો. બીજા કો-ઓર્ડિનેટર શ્રીમતી કાશ્મીરબેન લોડાયાએ આભારવિધિ કરી. એક સદ્‌ગૃહસ્થ તરફથી ચૌવિહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાંની સમૂહ પહેડી નલિયા મધે

તા. ૩ તથા ૪ જુલાઈ બુધવાર તથા ગુરૂવારના નલિયા મધે નાગડા ગોત્રના કુળદેવીશ્રી અંબે માઁની સમૂહ પહેડીનું આયોજન કરાયું છે. જેના કાર્યક્રમમાં તા. ૩ જુલાઈ બુધવારે બપોરે ૧૨.૩૯ કલાકે સિદ્ધિ દાયક શ્રી સિદ્ધચક્ર મહાપૂજન પંડિત શ્રી કેવલભાઈ સાવલા અને સંગીતકાર નિશા સંઘવીના સથવારે. બપોરે ૧૨- કલાકે સૌ નલીયા વાસીઓ સંગાથે સ્વામીવાત્સલ્ય ભોજન, પૂજન તથા સ્વામી વાત્સલ્ય ભોજનના લાભાર્થી માતુશ્રી દેવકાંબાઈ શિવજી લખમશી નાગડા પરિવાર હસ્તે માતુશ્રી તારામતી લહેરચંદ શીવજી નાગડા ઘાટકોપર નલિયા. રાતે ૮.૩૦ કલાકે માતાજીની ભાવના અને આરતી નિશા સંઘવી અને સાથી કલાકારોની સથવારે.

તા. ૪ જુલાઈ ગુરૂવારના ધ્વજારોહણ અને સમૂહ પહેડી. આ પ્રસંગમાં નલિયામાં નાગડા ગોત્રના અંબે માતાને નમતા સર્વે ભાવિકો નિયાણી બહેનોને પધારવાનું ભાવ ભર્યુ ખાસ નિમંત્રણ છે વધુ વિગત માટે સંપર્ક જુગલ એમ. નાગડા ૮૮૬૬૬૯૨૬૬૬, મહેશ એસ. નાગડા - ૯૪૨૮૬૮૪૩૨૭, શ્રેણિક ટી. નાગડા ૯૪૨૬૭૩૧૬૮૪, મહેશ કે નાગડા-૯૭૨૬૬૮૬૮૫૧ તથા ચેતન એલ.નાગડા-૯૮૨૦૧૦૫૦૭૮.

# પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.ની વડોદરા નગરમાં પ્રવેશ

પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા. જેઓ અખંડ ૧૮ વર્ષીતપના તપસ્વી રત્ન, અજોડ શાસન પ્રભાવક સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સમા રાધક વિમલનાથ જિનાલયના પ્રતિષ્ઠાપક છે. તેઓનો વડોદરા નગર પ્રવેશ તા. ૨૩ જૂન રવિવારના સવારે ૯ કલાકે કલાવતી હોસ્પિટલ પાસે ટીમનું ભવ્ય સામૈયુ કરાયું. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકો સામૈયા પર્વમાં સામેલ થયા હતા. શ્રાવિકા બહેનો બેડા તથા ગહુલી લઈ જોડાઈ હતી. વિમલનાથ પ્રભુ જિનાલયની અંજનશલાકા અને પ્રતિષ્ઠા આચાર્ય મ.સા.ના કરકમલો દ્વારા થઈ છે અને ફરી પધરામણી સંઘમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જામ્યો છે.



# સતિષ નાગડાનું તિરપુર ક્લેકટરે સન્માન કર્યું



તા.૨૮ જૂન શુક્રવાર દિને વર્લ્ડ બ્લડ ડોનર્સ ડે નિમિત્તે બ્લેડ ડોનેશન કેમ્પ માટે જાગૃતતા ધરાવી અખંડ ઝૂંબેશ ધરવા માટે તિરપુર જિલ્લા ક્લેકટર થીરૂપલાની સમીએ સમાજસેવક સતિષ નાગડાનું સન્માન અભિવાદ કરી ગૌરવ કરેલ.

# શ્રી સાંગલી અચલગચ્છ સંઘમાં ચાતુર્માસ પ્રવેશ અષાઢી બીજ દિને

શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ આંગણે સુપાર્શ્વદાદાના દરબારે તપ ચક્રવર્તી, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ. શ્રીમદ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞા-આશિષથી, શાંતમૂર્તિ પ.પૂ.સા.શ્રી મહોદયાશ્રીજી મ.સા., સરલ સ્વભાવી પ.પૂ.આ.શ્રી શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા., પ્રવચન પ્રભાવિકા પ.પૂ.આ.શ્રી યશોદયશ્રીજી મ.સા.ના સ્નેહાશિષવર્ષાથી, પ.પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિ., પ.પૂ.આ.શ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિ.ના સોહામણા સાંનિધ્યમાં પ.પૂ.સા.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી શ્રેયકરાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨નું ભવ્ય ચાતુર્માસ પ્રવેશ તા.૪ જુલાઈ ૨૦૧૯ ગુરૂવાર રોજે સવારના ૬ કલાકે એસ.ટી.સ્ટેન્ડ, ઝુલેલાલ ચૌક પાસે ભવ્ય સામૈયુ કરાશે. સવારના ૭ કલાકે સંઘ આંગણે મંગલ પ્રવેશથી ધન્ય થશે.

પૂજ્યોના માંગલિક પ્રવચન દરમ્યાન સૂત્ર ચરિત્ર વહોરવાના તથા ગુરૂપૂજનના ચઢાવા લેવામાં આવશે. માંગલીક પ્રવચન પછી સવારના ૮.૩૦ કલાકે સકળ સંઘ નવકારશી લાભ પામશે. નવકારશીના લાભાર્થી શ્રીમતી કવિતા વસંત ગડા, રાયણ હસ્તે શ્રીમતી લીલાવંતીબેન રતિલાલ ગાલા, ભોજાય.

બપોરના ૪ થી ૫ અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના. ભાવનાના લાભાર્થી માતુશ્રી વનિતાબેન પ્રવીણચંદ્ર કુરવા, ગોધરા છે.

ગુરૂભગંવતોના માંગલિક પ્રવેશ પ્રસંગે વધારેમાં વધારે આયંબીલ કરીને વધાવીએ. જે માટે ઓફિસમાં નામો લખાવવા. શાસનની શોભા વધારવા સામૈયામાં પધારવા સંઘ દ્વારા ભાવભર્યું આમંત્રણ છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# આધ્યાત્મયોગી ગુરૂદેવ અને યુવામુનિનો વિહાર કાર્યક્રમ

આનંદો... આનંદો... આનંદો... અચલગચ્છના અણગારો મુંબઈમાં પધારે છે. એમના દર્શન-વંદન અને પ્રવચન શ્રવણનો લાભ લઈએ. આધ્યાત્મયોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો વિહાર કાર્યક્રમ નીચે મુજબ છે.

તા.૩ જુલાઈ બુધવાર અષાઢ માસનો બેસતો દિવસ વિરાર મુકામે. ● તા.૪ જુલાઈ ગુરૂવાર અગાસી તીર્થ ● તા.૫ જુલાઈ શુક્રવાર નાલાસોપારા (વેસ્ટ) ● તા.૬ જુલાઈ શનિવાર નાલાસોપારા (ઈસ્ટ) ● તા.૭ જુલાઈ રવિવાર એન્કર પાર્ક ● તા.૮ જુલાઈ સોમવાર વાલીવ નાકા ● તા.૯ જુલાઈ મંગળવાર વસઈ ઈસ્ટ એવર શાઈન નગર ● તા.૧૦ જુલાઈ બુધવાર વસઈ ગામ.

આ તારીખની નોંધ ગુરૂભક્તો નોંધી લે. વધુ માહિતી માટે ૮૮૭૯૯૮૯૭૮૭

# કેડીઓ વિદ્યાર્થી સંઘની રાહતદરે નોટબુક વિતરણ યોજના

શ્રી કચ્છી દશા ઓસવાળ વિદ્યાર્થી સંઘ દ્વારા કેડીઓ જ્ઞાતિજનો માટે રાહત દરે નોટબુક વિતરણનું આયોજન તા.૬ જૂન ૨૦૧૯ થી ચાલુ છે. એ૪ સાઈઝ લોંગબુક રૂા.૨૦૦ પ્રતિ ડઝનના દરથી અપાશે. ૧ રીઝલ્ટ ઝેરોક્સ સામે ૨ ડઝન નોટબુક મળશે. મર્યાદિત સ્ટોક શિલ્લક હોવાથી નજીક વિસ્તારના સેન્ટરનો સંપર્ક કરવો.

વધુ માહિતી માટે - ૯૯૬૭૩૮૦૩૭૪, ૭૭૭૭૦૦૬૦૭૨, ૯૬૧૯૮૭૬૫૬૦નો સંપર્ક કરવો.





## જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેંટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

અથવા વોટ્સએપ પર મોકલો

9322257731




# રાયપુર નગરે પ્રતિષ્ઠા મહોત્સવમાં માન્યવરોની ઉપસ્થિતિ





છતીસગઢના રાયપુર નગરમા કુંથુનાથ દેરાસર પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવણી રંગેચંગે ઉજવાઈ. આ અવસરે સમાજ, રાજકારણ અને વ્યાપારક્ષેત્રના પ્રતિષ્ઠત મહાનુભાવોની પ્રોત્સાહિત ઉપસ્થિતિ રહી હતી. બીજેપીના ધારાસભ્ય બ્રીજ મોહન અગ્રવાલ સાથે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધરમશી, ક.દ.ઓ. મહાજન મુંબઈના પ્રમુખ શ્રી કલ્પેશ ભાઈ મોતા, શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપના પ્રમુખ જયેશભાઈ જૈન સાથે ક.દ.ઓ. મહાજન રાયપુરના મોભી વડીલશ્રી ચંદ્રેશભાઈ અને શ્રી હરીશભાઈ લોડાયા વિગેરે હતા.





# કાંજુરમાર્ગ અનંત કોમ્પલેક્સ સ્થિત આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠની બહેનોએ મુલાકાત લીધી





શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સંચાલિત અનંતનાથ કેડીઓ સંઘ, કાંજુરમાર્ગ (ઈસ્ટ) સ્થિત નવસ્મરણ આદિના સ્વાધ્યાય કેન્દ્રની મુલાકાત વિદ્યાપીઠની સેવા ભાવી કાર્યકર બહેનો મણિબેન નાગડા અને રતનબેન ગોસર વગેરેએ લીધી હતી. ત્યાં શિસ્તબધ્ધ ચાલતી પ્રવૃત્તિઓ વિષે માહિતી જાણકારી મેળવી હતી અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

# ડુમરા નગરે મ.સા.નો વિહાર પ્રવેશ

તા.૨૭ જૂન ગુરૂવાર સાંજે પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરજી મ.સા. ડુમરા નગર મધે વિહાર પ્રવેશ કરતાં પધારેલ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ તેમના દર્શન, વંદન અને વ્યાખ્યાન શ્રવણનો લાભ લઈ ધન્ય થયા હતા.









# ડોંબિવલી નગરે મહાકાળી માતાજીની ભાવના



શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૧૯ શનિવાર બપોરે ૩ કલાકે મનોજ કારાણી અને સાથી કલાકારોના સંગીતના સથવારે હોરીઝોન બેન્કવેન્ટ હોલ, ૧લે માળે, શનિ મંદિરની સામે, શંખેશ્વર નગરની બાજુમાં માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) સ્થળે યોજેલ છે.

જિન શાસન રક્ષિકા અચલગચ્છાધિષ્ઠાયિકા અને ગચ્છની સેવાએ સદા તત્પર એવી સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર, નલિયા-મુલુંડએ લીધેલ છે. ચૌવિહારની વ્યવસ્થા છે. ભક્તિ ભાવનો અમૂલ્ય લાભ પામવાનું સૌને આમંત્રણ છે.

# આરોગ્યમના સથવારે હેલ્ધી કે.ડી.ઓ. એ ઉજવ્યો ઈન્ટરનેશનલ યોગા દિવસ

ઝેનીથ કોમર્શિયલ કોમ્પલેક્સમાં આવેલા આરોગ્યમ યોગા ઈન્સ્ટીટયુટ અને ન્યુટ્રિશીયન સેન્ટર દ્વારા પાંચમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હેલ્ધી કે.ડી.ઓ.ના સભ્યોએ ઉમંગભેર ભાગ લઈ યોગ દિવસના દિવસે યોગવિદ્યા કરી હતી.



આ યોગ દિવસે મુખ્ય આકર્ષણ સૂર્ય ક્રિયા (એડવાન્સ સૂર્ય નમસ્કાર) તેમજ યોગ પર્ફોમન્સ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન કર્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના મુખ્ય પદાધિકારીઓ તેમજ પ્રેસિડન્ટ મયૂર ધુલ્લા, જીગ્નેશ મોતા, સંદિપ શાહ, રાહુલ મૈશેરી, ડોલર શાહ તેમજ અન્ય મેમ્બરોએ હાજર રહી અને આ દિવસને યોગમય દિવસ બનાવ્યો હતો.

જય ધરણેન્દ્ર

॥ મુલુંડ સંઘના હૃદયસમ્રાટ શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમો નમઃ ॥

॥ નમો નમઃ ગુણસાગરસૂરયે ॥

જય માં પદ્મે

# શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

**શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. ફોન : ૨૫૬૮ ૧૧૭૦/૨૫૬૭ ૧૧૭૦**

**: દિવ્ય કૃપા :**

શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**: આજ્ઞાચક્ર :**

તપચક્ર-ચક્રવર્તિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**: આશિર્વાદ ધારા :**

સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
મંત્રપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.,
શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.




## ચાતુર્માસ વધામણા...

**જ્ઞાન-આરાધનામય મુલુંડની ધન્ય ધરા પર**

જ્ઞાની-ધ્યાની-સમતાધારી, ગુરૂ ગુણ કૃપાપાત્ર, કચ્છ કોહીનુર, મારવાડરત્ન, મરૂધર કેશરી,
શ્રી ગૌતમ ગુણ વિહાર પાલી તીર્થ પ્રેરક પ.પૂ. ગુરૂદેવશ્રી કમલપ્રભસાગરજી મ.સા.
વર્ધમાન તપોનિધિ ૨૭-૨૭ માસક્ષમણ કરનાર તપોવીર પ.પૂ. મુનિરાજશ્રી નંદિવર્ધનસાગરજી મ.સા.
આદિ ત્યાગી-તપસ્વી સંયમી મુનિવૃંદ ચાતુર્માસ વર્ષાવાસ માટે પધારે છે.

**સકલશ્રી સંઘ, સર્વે ગુરૂભક્તો, સર્વે સ્નેહીઓ ચાતુર્માસના ઐતિહાસિક-ભવ્ય-શાસન પ્રભાવક પ્રવેશ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ.**



## ચાતુર્માસ પ્રવેશ : અષાઢ સુદ ૨, ગુરૂવાર, તા. ૪-૭-૧૯

**ચાતુર્માસ પ્રવેશ સ્વાગત યાત્રા સવારના ૮.૧૫ વાગે
નિત્યાનંદ એપાર્ટમેન્ટ ડો. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ) થી
વાસુપૂજ્ય સ્વામી જિનાલય, ઝવેર રોડ પધારશે...
ત્યાર બાદ વ્યાખ્યાન અને સૂત્ર ચરિત્ર વહોરાવવાના ચડાવા લેવામાં આવશે.**

સવારે ૭.૩૦ થી ૮.૧૫ કલાકે :
નવકારશી (શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય)

**ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે નવકારશીના લાભાર્થી :**
**માતુશ્રી લક્ષ્મીબેન લીલાધર વાલજી નાગડા**
**તથા ભાનુબેન હીરજી વાલજી પરિવાર**
હ. પ્રિયંક તથા કૃતિ દર્શના જયેશ લીલાધર નાગડા
તથા હર્ષા હરેશ નાગડા
(ગામ ડુમરા)

## પધારો ગુરુદેવ પધારો...

અચલગચ્છ શણગાર, જિનવાણીના જાદુગર, જન-જનના આસ્થાના કેન્દ્ર પ.પૂ. ગુરૂદેવશ્રી કમલપ્રભસાગરજી મ.સા.
૮-૮ વર્ષ બાદ મુંબઇ પધારી સમગ્ર મુંબઈના અનેક સંઘોમાં પધારી મુલુંડના આંગણે ચાતુર્માસાર્થે પધારી રહ્યા છે. ત્યારે આપણે સૌ
ગચ્છ-ગુરૂ મહિમાને વધારવાના ભાવ સાથે પ્રવેશ પ્રસંગે ઉપસ્થિતિ રહી શાસન શોભામાં અભિવૃધ્ધિ કરીએ.

**લિ. : ચેતન ખેરાજ દેઢિયા - મનોજ મુલચંદ શાહ - મંત્રીઓ**

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ -૨૩૪૪ ૧૯૨૯ • e-mail : anantnathtrust@gmail.com


પધારો પધારો પધારો

સૌ જ્ઞાતિજનો પધારો

## સાનપાડા, નવી મુંબઈ સ્થિત

# શ્રી આદિનાથજી દેરાસરજી

ની દ્વિતિય વર્ષગાંઠ સં.૨૦૭૫ અષાઢ સુદ-૨ને ગુરૂવાર તા.૦૪.૦૭.૨૦૧૯ના રોજ છે. વર્ષગાંઠ નિમિત્તે પ.પૂ.યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં નીચે મુજબ કાર્યક્રમ આયોજેલ છે.

અષાઢ સુદ-૨, ગુરૂવાર તા.૦૪.૦૭.૨૦૧૯

સવારના ૮.૫૦ કલાકેથી - શ્રી અઢાર અભિષેક સહ
શ્રી સત્તરભેદી પૂજા

બપોરના ૧૨.૩૯ કલાકે - ધ્વજારોહણ

બની શકે તો બધા પૂજાના કપડામાં પધારશો.

ધ્વજારોહણ બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી.

વિવિધ લાભ લેવાનો અવસર ચૂકશો નહીં. અઢાર અભિષેકના નકરા નીચે મુજબ રાખેલ છે.

પહેલા, નવમા તથા અઢારમાં અભિષેકનો નકરો રૂા.૧,૦૦૦/- તથા બાકીના અભિષેકના રૂા.૫૦૦/- રાખવામાં આવેલ છે. તો સૌ કોઈ લાભ લેશોજી.

સૌ ને સમયસર પધારવા તેમજ ચડાવામાં ભાગ લેવા આગ્રહ ભરી વિનંતી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઈ

# વિવિધ નગરોમાં કેડીઓ યુવા દ્વારા– મોન્સૂન સાઈકલીંગ ઈવેન્ટનું આયોજન

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન યુવા કમિટિ દ્વારા મુંબઈ-વડોદરા, કચ્છ ચેન્નઈ, ચાલીસગાંવ, રાયપુર, ગદગ, અમદાવાદ વિગેરે સ્થળોએ મોન્સૂન સાઈકલીંગ ઈવેન્ટનું આયોજન કરાયું છે. આમાં ૧૬ વર્ષ ઉપરના યુવાઓ વ્યક્તિઓ સહભાગ લઈ શકશે. મુંબઈ વિભાગમાં આ ઈવેન્ટ રાત્રે ૧૧ કલાકે થશે. જ્યારે અન્ય નગરોમાં સવારે ૬ કલાકે નીકળશે.




વિવિધ નગરોમાં નીચે મુજબ તારીખના અને રજીસ્ટ્રેશ માટે વ્યક્તિગત સંપર્ક નંબર આપેલ છે. જેમાં વહેલા તકે રજીસ્ટ્રેશન કરાવી નામ નોંધાવી. વરસતા વરસાદમાં સાઈકલીંગનો આનંદ માણવા, પિકનિક જેવી મોજ માણવા, પર્યાવરણ સુરક્ષા અને શારિરીક ક્ષમતાની કસોટી કરવાની તક ઝડપી લેવાનો આ મોકો જો જો ચૂકાય નહીં.

**મુંબઈ :–** તા.૬ જુલાઈ શનિવાર રાત્રે ૧૧ કલાકે. ભવ્યા-૯૭૬૯૬૮૩૪૫૦, કુશ-૯૮૨૦૨૨૧૫૧૭

**હૈદ્રાબાદ :–** તા.૭ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે. કિરણ મૈશેરી-૯૮૮૫૨૧૬૮૮૬

**ચેન્નાઈ :–** તા.૭ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે. નેવીલ મોતા-૮૯૩૯૧૯૫૩૧૪

**ચાલીસગાંવ :–** તા.૭ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે. ચંદ્રેશ લોડાયા-૯૪૨૨૭૭૯૭૨૧

**રાયપૂર :–** તા.૭ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકથી. નમ્રતા-૯૩૦૦૦૧૦૩૦૦, રાહુલ-૭૦૨૧૯૧૩૦૧૫

**ગદગ :–** તા.૭ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે. પ્રણવ-૯૮૮૬૧૧૫૮૭૦, હીના-૮૩૧૦૫૧૭૭૮૧

**વડોદરા :–** તા.૧૪ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે. જીગર-૮૮૪૯૧૦૬૮૬૧, પ્રિયા-૮૧૨૮૨૦૭૭૨૭

**અમદાવાદ :–** તા.૧૪ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે. સંદીપ-૭૮૭૮૭૫૭૯૪૦, દિપેશ-૯૮૯૮૫૦૪૦૬૧

**ઈન્દૌર :–** તા.૧૪ જુલાઈ રવિવાર સવારે ૬ કલાકે. તેજલ-૯૬૮૫૭૪૨૪૮૫, સૌમ્યા-૮૨૨૪૮૮૩૩૩૪

**કચ્છ :–** તા.૨૧ રવિવાર સવારે ૬ કલાકે. પ્રિયાંક-૯૪૨૯૧૨૪૩૪૨, મિહિર-૯૮૨૫૨૨૦૪૧૧

ઈવેન્ટની વધુ વિગત માહિતી જાણકારી માટે સંપર્ક : નિરવ મોતા-૭૬૬૬૩૪૬૭૩૨

# પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.નુંચાતુર્માસ પ્રવેશ તા.૭ જુલાઈ રવિવાર રોજે સવારે ૮ કલાકે શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ કેડીઓ ભવન, વિમલનાથજી દેરાસર, કલાવતી હોસ્પિટલ સામે, વરસીયા રીંગ રોડ, વડોદરા નગરે થશે. મ.સા.ના ચાતુર્માસ પ્રવેશના સામૈયામાં સૌ હોંશભેર ભાગ લે અને સૌ ધન્ય થાય એનું ભાવભર્યું નિમંત્રણ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

*શ્રી દાદાસાહેબ ગૌતમસાગર સૂરીભ્યો નમઃ*

# શ્રી અચલગચ્છ જૈન સંઘ – અમદાવાદ

(ટ્રસ્ટ રજિ. નં. એ/૨૯૫૯/અમદાવાદ)

**કાર્યાલય : ઉપાશ્રય (૧) :** **શ્રી ચ. વ. બહુતેર જિનાલય ટ્રસ્ટ સંચાલિત**
**આચાર્યશ્રી ગુણસાગરસૂરિશ્વરજી જ્ઞાનમંદિર** પાને
**શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા કચ્છ ગામ લાયજાવાળા**
અચલગચ્છ જૈન ઉપાશ્રય, ઉવિનય માર્કેટ, ૧લે માળે, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**ઉપાશ્રય (૨) :** **શ્રી વિસત નવનીત અચલગચ્છ જૈન ભવન,**
સુપર માર્કેટ, ૧લે માળે, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

**(મૂલચંદભાઈ : મો. ૯૮૨૫૦ ૦૦૮૭૫)**

*શુક્રવાર, તા. ૨૮-૬-૨૦૧૯*

## સંવત ૨૦૭૫ ચાતુર્માસ પ્રવેશનો કાર્યક્રમ

*સાધર્મિક ભાઈશ્રી / બહેનશ્રી,*

કચ્છકેસરી, ભારતદીવાકર રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબની દિવ્ય કૃપાથી તેઓશ્રીના પટ્ટધર, જિન શાસન શિરોમણી, તપ પ્રભાવક, તપ ચક્રવર્તી તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબની આજ્ઞા અને આશિષથી **પ.પૂ.આ.ભ. શ્રીકલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. શ્રીકવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. શ્રીવીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. શ્રીમહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શુભ આશિષથી અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબના આજ્ઞાવર્તિની સ્વાધ્યાયપ્રેમી **પ.પૂ.સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.**ના શિષ્યા વિદુષી **પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા
**પ.પૂ.સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ : વિંઝાણ) (દીક્ષા : સંવત ૨૦૨૮, વૈશાખ સુદ-૫),
**પ.પૂ.સાધ્વીશ્રી તત્વયશાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ : બીદડા) (દીક્ષા : સંવત ૨૦૩૪, કારતક વદ-૧૦),
**પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિવર્ષાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ : દેઢિયા) (દીક્ષા : સંવત ૨૦૪૮, મહા સુદ-૧૪),
**પ.પૂ.સાધ્વીશ્રી જીતયશાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ : કોડાય) (દીક્ષા : સંવત ૨૦૬૦, મહા સુદ-૨),
આદિ ઠાણા-૪ નું ચાતુર્માસ આપણા શ્રીસંઘને મળેલ છે, જે સંઘનું અહોભાગ્ય છે.

### • ચાતુર્માસ સ્થળ •

*ચાલુ વર્ષે શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદની અસાધારણ સામાન્ય સભા તા. ૨૩-૬-૨૦૧૯ને રવિવારના રોજ મળેલ. જેમાં નક્કી થયા મુજબ ચાલુ વરસનું ચાતુર્માસ*

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**

**શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઇ કચ્છ પુનડીવાલા ઉપાશ્રય,**

**નવનીત વિવિધલક્ષી** ભવન, કોમલ એન્કલેવ સામે, પી.ટી. ઠક્કર કોલેજ રોડ, ચંદ્રનગર,

પાલડી, અમદાવાદ મધ્યે કરાવવામાં આવશે.

## ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ. ગુરૂદેવનો ચાતુર્માસ પ્રવેશ સંવત ૨૦૭૫ના અષાઢ સુદ-૫ ને **રવિવાર, તા. ૭-૭-૨૦૧૯**ના રોજ સવારે ૯.૩૦ કલાકે કરાવવામાં આવશે. તેઓશ્રીનું સામૈયું રત્નરૂચિ વાટીકા, રંગસાગર રોડથી સવારે ૮.૪૫ કલાકે કરાવવામાં આવશે અને મલ્લીનાથ પાર્કમાં શ્રી મલ્લીનાથ સ્વામિને જુહારીને સવારે ૯.૩૦ કલાકે સકળ સંઘની સાથે ઉપાશ્રયમાં પ્રવેશ કરાવવામાં આવશે. પ્રવેશ બાદ પૂ. ગુરૂદેવના મુખે માંગલિક ફરમાવવામાં આવશે. ત્યારબાદ ગુરૂપૂજન અને સૂત્રાધિકારે - **શ્રી ધર્મસંગ્રહ ગ્રંથ** અને ભાવના અધિકારે - **શ્રી ભવિસ્યદત્ત ચરિત્ર**ના ચડાવા લેવામાં આવશે અને તે જ સમયે સૂત્ર તથા ચરિત્ર પૂ. ગુરૂદેવને વહોરાવવામાં આવશે.

★ **આયંબીલ તપ** : પ્રવેશના દિવસે માંગલિક તપ સ્વરૂપે વધુમાં વધુ આયંબીલ તપ થાય તેવી સંઘના સભ્યોને વિનંતી.

★ **સંઘ નવકારશી** : પ્રવેશના દિવસે સંઘ નવકારશી સાધર્મિક ભક્તિના દાતાઓ તરફથી રાખવામાં આવેલ છે.

*સ્થળ* : **શ્રી સાડત્રીસી વિશા શ્રીમાળી જૈન વાડી,**
મલ્લીનાથ પાર્ક પાસે, શ્રી મલ્લીનાથ દેરાસર પાસે, આંબેડકર બ્રિજ પાસે, ચંદ્રનગર, પાલડી, અમદાવાદ.

*સમય* : સવારના ૭.૦૦થી ૮.૩૦ સુધી

★ **ચોમાસી છઠ તપ** : અષાઢ સુદ ૧૪/૧૫ના **સોમવાર/મંગળવાર તા. ૧૫/૧૬ જુલાઇ, ૨૦૧૯**ના ચોમાસી છઠ તપની આરાધના કરાવવામાં આવશે.

★ **ચોમાસી પ્રતિક્રમણ** : **મંગળવાર, તા. ૧૬-૭-૨૦૧૯**ના સાંજે ૬.૦૦ કલાકે શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઈ કચ્છ પુનડીવાલા ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરાવવામાં આવશે.

*નોંધ :*

૧. *ચાલુ વરસના ચાતુર્માસ દરમ્યાન સાધર્મિક ભક્તિમાં લાભ લેવા વિનંતી.*
૨. *ચાતુર્માસનો વિગતવાર પરિપત્ર પાછળથી મોકલવામાં આવશે.*
૩. *અન્ય જાહેરાતો પ્રવેશના દિવસે કરવામાં આવશે.*

લી.

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**

**પ્રમુખશ્રી : શાંતિલાલ મુળજી સાવલા**

**મંત્રીશ્રી : મૂલચંદ નાનજી મારૂ**

**(મો. ૯૮૨૫૦ ૦૦૮૭૫)**

# દાદરના શીતલનાથ દાદાના દરબારે પ.પૂ.અરૂણોદયશ્રીજી મ.સા.નો પ્રવેશ




તા.૨૩ જૂન ૨૦૧૯ રવિવારના દાદર (ઈસ્ટ)ના શીતલનાથ દાદાના દરબાર ખાતે પ.પૂ.પ્રવર્તિની અરૂણોદયશ્રીજી મ.સા. આદિઠાણાનું ભવ્ય પ્રવેશ થયો. આ અવસરે સંઘના શ્રાવક-શ્રાવકોમાં ઉત્સાહ ભર્યો આનંદ પ્રસરયો હતો અને સકળ સંઘના સૌએ હર્ષ ખુશીથી સા.ભગવંતોના દર્શન વંદન અને વાણી પ્રવચનનો લાભ લઈ ધન્ય ધન્ય થયા હતા.




# હુબલી નગરે ચાતુર્માસ પ્રવેશ તા. ૬ જુલાઈ દિને



શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મહારાજની પરમ આજ્ઞાથી મહાતપસ્વી દક્ષિણ રત્ન પ.પૂ. મુનિપ્રવર ગુરૂદેવજીશ્રી ધર્મ પ્રભસાગરજી મ.સા.,પ.પૂ.મુનિશ્રી રાજશેખર સાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા. આદિઠાણા ૩નું ચાતુર્માસશ્રી કચ્છી દશા જૈન જ્ઞાતિ મહાજન ને પ્રાપ્ત થયેલ છે. પરમ પૂજ્યશ્રી મ.સા.આદિઠાણા ૩નું ચાતુર્માસ પ્રવેશોત્સવ તા. ૬ જુલાઈ શનિવાર રોજે થશે. ચાતુર્માસ સ્થળ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, શ્રી અજિતનાથ જિનાલય કંચગાર ગલ્લી હુબલી (કર્ણાટક રાજ્ય) સર્વે સકળ સંઘજનો હુબલી પધારો, અજિત શાંતિ. જુહારો.

# નાકોડા ધામતીર્થ મધે મહારાજ સાહેબનો વિહાર પ્રવેશ

અચગચ્છ શણગાર, આર્ય કલ્યાણ, ગૌતમ ગુણ, ગુણોદય સૂરિશ્વરજીના આજ્ઞાવંત, જ્યોતિષાચાર્ય, ગુરૂદેવશ્રી સર્વોદય સાગરજી મ.સા.ના કૃપાવંત આધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા પ્રવચનકાર પ.પૂ. ગુરૂદેવશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા. શત્રુંજ્ય ગિરિરાજની ૯૯ યુવા યાત્રાની પૂર્ણાહૂતિ પછી ઉગ્ર વિહાર કરતા વસઈ નગરમાં યશસ્વી ચાતુર્માસ કરવાના નિર્ધારણા સાથે તા.૨૪ જૂન ૨૦૧૯ મંગળવારના નાકોડા ધામ તીર્થમાં પ્રવેશ કર્યો. અત્રે ગુરૂદેવોનો છ દિવસ સ્થિરતા રહેશે. પૂજ્યશ્રીના દર્શન વંદનાર્થે સૌને પધારવાનું આગ્રહ ભર્યું આમંત્રણ છે.

મુંબઈ પરિસરના ભક્તગણને ગુરૂદેવશ્રી ચાતુર્માસનો લાભ આપવા ઉગ્ર વિહારના કષ્ટ ભોગવી અત્રે પધાર્યા છે. સંઘના સૌ શ્રાવક શ્રાવિકો સદૈવ તેઓશ્રીના ઋણી રહેશે. જય ગુરૂદેવ, ઉદયો ભવતું સર્વેષામ.

KDO

SHREE SAMAST KDO JAIN MAHAJAN

YUVA

Youth United for Vision and Action



# MONSOON CYCLING

## Our First Ride Towards Better Environment & Healthy Life

| VENUE | EVENT DATE | CONTACT PERSON |
|---|---|---|
| MUMBAI | 06.07.2019 (11 PM) | BHAVYA (9769683450) / KUSH (9820221517) |
| HYDERABAD | 07.07.2019 (6 AM) | KIRAN MAISHERI (9885216886) |
| CHALISGAON | 07.07.2019 (6 AM) | CHANDRESH LODAYA (9422779721) |
| CHENNAI | 07.07.2019 (6 AM) | NEVIL MOTA (8939195314) |
| GADAG | 07.07.2019 (6 AM) | PRANAV (9886115870) / HEENA (8310517781) |
| RAIPUR | 07.07.2019 (6 AM) | NAMRATA (9300010300) / RAHUL (7021913015) |
| VADODARA | 14.07.2019 (6 AM) | JIGAR (8849106861) / PRIYA (8128207727) |
| AHMEDABAD | 14.07.2019 (6 AM) | SANDIP (7878757940) / DIPESH (9898504061) |
| INDORE | 14.07.2019 (6 AM) | TEJAL (9685742485) / SAUMYA (8224883334) |
| KUTCH | 21.07.2019 (6 AM) | MIKIR (9825220411) / PRIYANK (9429124342) |

FOR OTHER DETAILS CONTACT NIRAV MOTA (7666346732)



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મૂળ કપાયાની અને જમનાબાઈ નરશી સ્કૂલના વિદ્યાર્થી ભૂમિકા નવીન શાહ આઈ.સી.એ.ઈ. (૧૨મા ધોરણ)માં ૯૯ ટકા મેળવ્યા છે. તો મૂળ નવીનાળની અને ગ્રીન લોન્સ હાઈસ્કૂલ બ્રિચ કેન્ડીની (આઈ.એ.સી ધો. ૧૦) વિદ્યાર્થીની ક્રિષા વોરા ૯૮-૮૩ ટકા મેળવી નેશનલ રેન્ક લીસ્ટમાં ઝળકી છે. ક્રિષા અમરસન્સ બાંદ્રા વાળા ડુંગરશીભાઈ વોરાની પૌત્રી છે.

● જેઠી મહિલા મંડળ ભુજ દ્વારા સમાજવાડી હોલમાં ૩ થી ૧૪ વર્ષના બાળકો માટે સમર કેમ્પ યોજાયો બાળકો રમતાં રમતાં જ્ઞાન સાથે શિક્ષણ, સંગીત, ધર્મ ઉપરાંત મસ્તી મોજ માણે એવા કાર્યક્રમો સામેલ કરાયા હતા. કળા પ્રવૃતિ વિકસે એ માટે વેસ્ટ માંથી બેસ્ટ બનાવતા શીખવાડાયું. કવીઝ પ્રોગ્રામમાં સામાન્ય જ્ઞાન વિજ્ઞાન ગણિત જનરલ વિષયને લગતા પ્રશ્નો દ્વારા જ્ઞાન અને રૂચિ પેદા કરવામાં આવી હતી.

● હિન્દુઓની પરાક્રમની પ્રેરણા મહારાણા પ્રતાપ જેવા મર્દ રાજવીમાંથી પ્રાપ્ત થાય છે. રાજસ્થાન કુંભ લગઢમાં જન્મેલા મહારાણા પ્રતાપની જન્મ જયંતિ ઉજવતા ભુજતાલુકાના કેરા પાંચાડાના ગામોએ જાગૃતિ રેલી કાઢી હતી. મુગલ કાળના હિન્દુ મહારથીઓને ભૂલાવવાની પરંપરા રહી જેના કારણે નવી પેઢી આવા શૂરવીર વંશજોના પરાક્રમને ઓછું જાણતી થઈ. આ સ્થિતિ બદલવા કેરા, બળદિયા, કુંદન પર ગજોડી, રામણિયા, બેરાજા, નાની-મોટી તુંબડી, બાબિયા, ટપ્પર અને પુનડી ગામોના રાષ્ટ્રપ્રેમી હિન્દુભાઈઓએ ભગવા ધ્વજ સાથે મહારાણા પ્રતાપના જયઘોષથી વાતાવરણ ગજવી દીધો હતો.

ગુજરાત અને તેમાંય ખાસ કરીને કચ્છ વિસ્તારમાં વિલુપ્ત પક્ષી ગીધ પ્રજાતિની સંખ્યા દિવસોદિવસ ઘટતી જાય છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પવન ઉર્જા પેદા કરવા નાખવામાં આવતી પવન ચક્કી ગીધના પ્રજનન અને ઉછેર માટે મોટી બાધા ઊભી કરે છે. આવા સંજોગોમાં માંડવી તાલુકાના પોલડીયા અને અબડાસાના મોટી બાલા ચોડ વિસ્તારમાં વિન્ડમિલ-પવન ચક્કી લગાડવા ઉપર રોક લગાડતો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છમાં અંદાજિત ત્રણેક હજાર પવન ચક્કી લાગી ગઈ છે. જ્યારે બાલાચોડ મોટી તેમજ પોલડિયાની આસપાસના વિસ્તારમાં અંદાજિત ૧૨૦ વિન્ડ મિલને મંજૂરી મળી છે. પોલડિયાના રતડિયા મોટીની આસપાસ નરેડી, મોથાળા, હિંગરીયા સણોસરા, ભીમપર વિગેરે વિસ્તાર આ ગીધ અભયારણ્યમાં છે.

● ગુજરાતી સામયિકોમાં નોખી ભાત પાડનારા ચક્રમ-ચંદન મેગેઝિનના મૂળ કચ્છના યુનુશ ગોલીબારને ઓલ ઈન્ડિયા મેમણ જમાત દ્વારા વિશિષ્ટ સિધ્ધિઓ અને દેશ દુનિયામાં સમાજનું નામ ગુંજતું કરવા બદલ ખાસ એવોર્ડથી સન્માનિત કરાયા. એટમ અંકલથી ઓળખાતા યુનુસ ગોલીબાર ગુજરાત ભરમાંથી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે ૫૧ શ્રેષ્ઠ ગુજરાતીઓની યાદીમાં સ્થાન પામ્યા છે. તેઓ ૧૭૩ નવલ કથાઓ તેમાંય હોરર નવલ કથાઓ લખવા બદલ લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં નોંધ લેવાઈ છે.

● બેરાજાના કેવલ હિરેન સુરજી કક્કા હિમાલય પર્વતમાળાના સૌથી ઊંચા એવરેસ્ટ શિબિર પર પહોંચીને ઈતિહાસ સર્જયો છે. કચ્છી વિશા ઓસવાળ સમાજનો આ પ્રથમ યુવક છે જેણે ૮૮૪૮ મીટર ઊંચાઈ ધરાવતા માઉન્ટ એવરેસ્ટ સર કરનાર સમાજનો પ્રથમ યુવાન છે.

● અબડાસા તાલુકાના વાલરામજી મહારાજ પાંજરાપોળ ટ્રસ્ટ રાતા તળાવ દ્વારા ૧૨ હજાર જેટલા પશુઓનો નિભાવ થઈ રહ્યો છે. તે પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ અબડાસા મુસ્લિમ સમાજ તરફથી ૧.૧૧ લાખનો ચેક સંસ્થાના ટ્રસ્ટીઓને અર્પણ કરાયો છે.

● રાજ્યભરમાં કરાયેલી ૨૦મી પશુધન વસતી ગણતરીમાં ૧૧૭.૧૧ ટકા કામગીરી કરીને કચ્છ જિલ્લો કામગીરીની દ્રષ્ટિએ ત્રીજા ક્રમે રહ્યો છે. સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર ડિજિટલ પદ્ધતિથી આ કામગીરી કરાઈ હતી. વર્ષ ૨૦૧૨માં થયેલી ૧૯મી પશુ વસ્તી ગણતરીમાં ૪૪૫૯૭૨ ઘર આવરી લેવાયા હતા. જેની સામે આ વખતની ૨૦ મી પશુ ગણતરીમાં ગ્રામ્ય ક્ષેત્રના ૩૮૪૧૧૯ ઘર અને શહેરી ક્ષેત્રના ૧૩૯૫૭૮ એમ કુલ ૫૨૩૬૯૭ ઘરની ચકાસણી કરી પશુઓની વિગતો ડિજિટલ પદ્ધતિથી મેળવી લેવાઈ હતી.

# હૈદ્રાબાદથી ભુજ તથા બિકાનેર (રાજ) દૈનિક ટ્રેન શરૂ કરવા માંગ પત્ર અપાયું

તા.૨૫ જૂન ૨૦૧૯ મંગળવારના હૈદ્રાબાદના પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશન તથા અન્ય કચ્છી ગુજરાતી સંસ્થાઓના  પદાધિકારીઓ એ સિંકદરાબાદ સ્થિત રેલ નિલયમ ભવન સ્થિત દક્ષિણ મધ્ય રેલવેના મહાપ્રબંધક શ્રી ગજાનંદ માલીયાને રૂબરૂ મળી હૈદ્રાબાદ સિંકદરાબાદથી ડાયરેક્ટ ભુજ અથવા ગાંધીધામ કચ્છ સુધીની તેમજ અન્ય ટ્રેન; બિકાનેર-રાજસ્થાન સુધીની દૈનિક શરૂ કરાય એ માટેનો માંગ પત્ર આપ્યો હતો.



સાઉથ સેન્ટ્રલ રેલવેના જનરલ મેનેજરને મળવા ગયેલ પ્રતિનિધિ મંડળમાં જાગીરદાર ફાઉન્ડેશનના સંસ્થાપક મંત્રી રિધ્ધિશ જાગીરદાર, શ્રી કચ્છી મિત્ર મંડળના પૂર્વમંત્રી દિનેશ ગોસર, તેલંગણા-આંધ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ તથા હૈદ્રાબાદ કચ્છ કડવા પાટીદાર સમાજના શ્રી જસમતભાઈ પટેલ, સિંકદરાબાદ કચ્છ કડવા પાટીદાર સમાજ વતી જશવંત સુરાણી, તેલંગણા બ્રાહ્મણ સમાજના તરૂણ મહેતા વિગેરે હતા.

કચ્છ-ગુજરાત સાથે જોડતી પ્રસ્તાવિત ટ્રેનને લીધે અત્રેના પાંચ લાભ કચ્છી વસતીને આનો ફાયદો થશે તથા કચ્છમાં સાંઈ સિમેન્ટ, અદાણી પોર્ટ, દિનદયાળ કંડલા પોર્ટ, નલિયા એરબેઝ ટાટા પાવર, અદાણી પાવર વિગેરે મોટા ઉદ્યોગ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા આંધ્ર-તેલંગણા પ્રાંતના કામગારો અને તેમના પરિવારોને એનો બહુમૂલ્ય લાભ મળશે. જે આજે તેમની જન્મભૂમિ અને કર્મભૂમિને જોડતી સેવા ન હોવાથી બહુ સગવડ અને કષ્ટ ભોગવવો પડે છે.



## જીવન ઘટમાળ

**• લગ્ન •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૬-૨૦૧૯ | ડોંબિવલી (પ.) | કેવલ અજય ખોના | રંગપુર | - |
| | ગોરેગાવ (પ.) | પ્રિયંકા ભરત નાગડા | રંગપુર | - |

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૬-૨૦૧૯ | કોઈમ્બતૂર | લતાબેન કાંતીલાલ વોરા | રંગપુર | ૬૬ |
| ૨૩-૦૬-૨૦૧૯ | અમદાવાદ | દિલીપ ચાંપશી ખોના | કોઠારા | ૬૯ |
| ૨૭-૦૬-૨૦૧૯ | મુલુંડ (પ) | મંજુલાબેન ઝવેરચંદ લાલકા | ધ્રાફા | ૮૧ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**




ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N Street, Masjid Bunder(W), Near Railway Station, Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

REG. NO. E 28149 MUMBAI

# શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ



**ગગન ગરજે, ને મોરલો બોલે, મથે ચમકે વીજ... એ હલો, પાંજે પઠ્ઠાપીર જે પેડી મેં, આવઈ અષાઢી બીજ**

પૂજ્ય પઠ્ઠાપીરબાપાને કચ્છ, વાગડ, ગુજરાત, રાજસ્થાન જેવા વિવિધ સ્થળે નમતા, માનતા પરિવારોને તથા તેમની નિયાણી બહેનોને સતત ૧૩ વર્ષથી ધામધૂમથી આયોજાતી સમૂહ પહેડીમાં **હાર્દિક આમંત્રણ**

## તા ૪/૭/૨૦૧૯, ગુરૂવાર - સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ(વેસ્ટ)

### • કાર્યક્રમની રૂપરેખા •

**શોભાયાત્રા :** સવારે ૮.૦૦ કલાકે ગોકુલ શ્યામ બિલ્ડીંગથી શરૂ થશે - શોભાયાત્રામાં અભિવૃદ્ધિ કરવા સર્વે ભાવિકોને ખાસ આમંત્રણ

**સ્થાપના :** સવારે ૧૦.૦૦ કલાકે (સારસ્વત વાડી મધ્યે) • **પઠ્ઠાપીર ચાલીસાનો પાઠ :** બપોરે ૨.૦૦ થી ૩.૦૦કલાકે (શ્રી જીયે પઠ્ઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા)

**ભજન સંધ્યા :** સાંજના ૩.૦૦ થી ૧૦.૦૦ કલાકે (કલાકાર : શ્રી નવીનભાઈ ભાનુશાલી, શ્રી શાંતિલાલ મોજાર, શ્રી નીતિનભાઈ વાઘેલા, શ્રી પ્રવીણભાઈ હરીયા)

**ધૂપ આરતી :** સાંજના ૭.૦૦ કલાકે • **મહાપ્રસાદ :** સાંજના ૫.૦૦ થી ૧૦.૦૦ કલાકે

### પહેડી મહોત્સવના મુખ્ય લાભાર્થીઓ

• શ્રી શાંતાબેન ચરણદાસ સચદે પરિવાર • દમયંતિબેન જયંતિભાઈ રેલણ

### પહેડી મહોત્સવના સહયોગી લાભાર્થીઓ

- શિવ ગૌભક્ત શ્રી મહેન્દ્રભાઈ વીરજી ચંદન 'ભામાશા' પરિવાર
- શ્રી લક્ષ્મીબેન વિસનજી હિરજી છેડા પરિવાર
- શ્રી નરેન્દ્રભાઈ બાબુભાઈ કેસરીયા પરિવાર
- શ્રી અમુભાઈ વિઠ્ઠલદાસ રુખાણા પરિવાર
- શ્રી રણજીતભાઈ મુલજી ઘેરાઈ પરિવાર
- શ્રી જગદીશભાઈ જમનાદાસ કેસરીયા પરિવાર
- શ્રી જયેશભાઈ પુરષોતમ ગણાત્રા 'ભામાશા' પરિવાર
- શ્રી સુશીલાબેન મુલજી રૂપારેલ પરિવાર
- શ્રી જાદવજીભાઈ કરમશી ઠક્કર પરિવાર
- શ્રી રતનશી (પઠુભાઈ) દેવકરણ રૂખાણા પરિવાર
- શ્રી રાજુભાઈ કતિરા પરિવાર
- શ્રીમતી મંગલાબેન કાંતિલાલ મંગે પરિવાર

**આ ૧૩મી સમૂહ પહેડીમાં વિશેષ સહયોગી થવાની ઈચ્છા હોય તો આપ સંપર્ક સાધો - 9821189050**


**શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ**

૧૨, ગોકુલ શ્યામ બિલ્ડીંગ, ૩જા માળે, દેવીદયાલ રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ-૮૦. Ph.: 9821189050

Website : www.jiyepathapir.com • E-mail : info@jiyepathapir.com


HOME CABLE

**વેલેટ પાર્કિંગની સુવિધા રાખેલ છે.**

LIVE ON Channel No.114




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO